

શોશા

'જોલી LLB'ના જાણીતા જજ સૌરભ શુક્લાએ તેમના કરિયરમાં અનેક સારી ફિલ્મો આપી છે. રામ ગોપાલ વર્માની 'સત્યા' ફિલ્મમાં મેં 'કલ્લુ મામા'- ગેંગસ્ટરનો રોલ કરી બોલિવૂડમાં પ્રવેશ મેળવી શુક્લાએ એક્ટિંગમાં ચોતરફ સૌરભ ફેલાવી છે. હાલમાં સૌરભની ડિરેક્ટોરિયલ ફિલ્મ 'જબ ખુલી કિતાબ' આવી છે. ચાલો તો જોઇએ સૌરભના કરિયરની કિતાબ...

# હિરો ન બન્યો પણ સપોર્ટીંગ રોલમાં બેસ્ટ છું

# સૌરભ શુક્લા

**આજના સમયમાં ઘણો નોઇઝ છે - સોશિયલ મીડિયા, ઝડપી કન્ટેન્ટ. અભિનય મારા માટે જીવનની વાર્તા કહેવાની રીત છે. પણ અમને અર્થપૂર્ણ વાર્તાઓની જરૂર છે. હું એવી સ્ટોરીઝ બનાવવા માંગું છું જે લોકોને વિચારવા મજબૂર કરે, હસાવે અને રડાવે**

**» તમારી પર્સનલ લાઇફ અને તમારું ફેમેલી લાઇનલાઇટમાં ન હોવાને કારણે લોકો એમના વિશે જાણવા માંગે છે. તમારું બેકગ્રાઉન્ડ શું છે?**

હું સીધો-સાદો માણસ છું. મારો જન્મ ગોરખપુરમાં થયો, પણ માત્ર બે વર્ષની ઉંમરે જ અમે દિલ્હી આવી ગયા. મારા પિતા શત્રુઘ્ન શુક્લા અગ્રા ઘરાનાના પ્રખ્યાત ગાયક હતા અને માતા જોગમાયા શુક્લા ભારતની પહેલી મહિલા તબલા વાદક હતી. ઘરમાં હંમેશા ક્લાસિકલ સંગીતનું વાતાવરણ રહેતું. આનાથી મને કલા અને સંગીત પ્રત્યે ઊંડો પ્રેમ થયો. દિલ્હીમાં ખાલસા કોલેજમાંથી ગ્રેજ્યુએશન કર્યું. દિલ્હીએ મારા વ્યક્તિત્વને ઘડ્યું છે - તેની ભીડ, વિવિધતા અને જીવનની ઝડપ મને આજે પણ પ્રભાવિત કરે છે.

**» તમારી ઊંચાઈ અને દેખાવ વિશે લોકો ઘણું પૂછે છે, શું કહેશો?**

એટલું જ કહીશ કે હા, મારો લૂક હિરો જેવો નથી, પરંતુ હું મારા રોલને બેસ્ટ રીતે અદા કરું છું. હું ૫ ફૂટ ૬ ઈંચ ઊંચો છું. મારા વાળ ઓછા છે. પણ અભિનયમાં દેખાવ કરતાં કેરેક્ટર વધુ મહત્વનું હોય છે. મેં ઘણા અલગ-અલગ રોલ કર્યા છે - ક્યારેક ગેંગસ્ટર, ક્યારેક જજ, ક્યારેક દાદાજી - તેથી લોકો મને યાદ રાખે છે તે મારા અભિનયને કારણે. લોકોને યાદ રહે છે એટલું બસ છે.

**» તમારી ઇન્ટરનેશનલ ફિલ્મ અને સપોર્ટિંગ એક્ટરના અવોર્ડ્સ વિશે શું કહેશો?**

જુઓ હું હિરોના રોલ તો ન મેળવી શકું પરંતુ સપોર્ટિંગ એક્ટર તરીકે મેં મારું બેસ્ટ આપ્યું છે. 'જોલી એલએલબી' માટે ૨૦૧૪માં નેશનલ ફિલ્મ બેસ્ટ સપોર્ટિંગ એક્ટરનો અવોર્ડ મળ્યો, જે મારા કરિયરની સૌથી મોટી મોમેન્ટ છે. 'સત્યા' માટે અનુરાગ કશ્યપ સાથે બેસ્ટ સ્ક્રીનપ્લેનો સ્ક્રીન અવોર્ડ મળ્યો. અને ઈન્ટરનેશનલી જાણીતી થયેલી ફિલ્મ 'સ્લમડોગ મિલિયોનેર'માં એક પોલીસ કોન્સ્ટેબલનો રોલ હતો. આ ફિલ્મે ઓસ્કાર અને ગોલ્ડન ગ્લોબ જીત્યા હતા. તે અનુભવ ખૂબ સારો હતો.

**» તમે થિયેટરથી શરૂ કર્યું, હજુ પણ થિયેટર કરો છો?**

હા, થિયેટર મારું મૂળ છે. ૧૯૮૪થી થિયેટરમાં કામ કરું છું. 'લુક બેક ઈન એન્જર' અને 'એ વ્યૂ ફ્રોમ ધ બ્રિજ' જેવા નાટકોમાં કામ કર્યું. જે ફિલ્મનું પ્રમોશન કરવા આવ્યો છું તે 'જબ ખુલી કિતાબ'નું નાટક પણ કર્યું હતું, જેને પછી ફિલ્મમાં બદલ્યું. થિયેટરમાંથી જ અભિનયની અસલી તાકાત મળે છે - લાઈવ પર્ફોર્મન્સમાં દર્શકો સાથે જોડાણ થાય છે.

**» તમારા માટે સ્ટોરીટેલિંગનું મહત્વ શું છે?**

આજના સમયમાં ઘણો નોઈઝ છે - સોશિયલ મીડિયા, ઝડપી કન્ટેન્ટ. અભિનય મારા માટે જીવનની વાર્તા કહેવાની રીત છે. પણ અમને અર્થપૂર્ણ વાર્તાઓની જરૂર છે. હું એવી સ્ટોરીઝ બનાવવા માંગું છું જે લોકોને વિચારવા મજબૂર કરે, હસાવે અને રડાવે. મારી પત્ની બર્નાલી રાય શુક્લા એક લેખિકા અને ફિલ્મમેકર છે. એ પણ કલા અને સર્જનાત્મક ક્ષેત્રમાં છે, જેથી ઘરમાં હંમેશા ચર્ચા અને આઈડિયા શેર થતા રહે છે. અમારું જીવન કલા અને સ્ટોરીટેલિંગની આસપાસ જ ફરે છે.

**» તમારી કરિયરમાં સૌથી મોટી શીખ શું મળી?**

ધીરજ અને સતત મહેનત. 'સત્યા' પછી ૬ વર્ષ સુધી સારું કામ ન મળ્યું, પણ હું થિયેટર કરતો રહ્યો. પછી 'જોલી એલએલબી' આવી અને બધું બદલાઈ ગયું. જીવનમાં ઉતાર-ચઢાવ આવે છે, પણ હાર ન માનવી જોઈએ. અને હંમેશા નવું શીખતા રહેવું જોઈએ. સાથોસાથ ડિરેક્સનમાં પણ હાથ અજમાવ્યો. અને ૨૦૦૩માં 'કલકત્તા મેઈલ' માટે ઝી સિને અવોર્ડ મળ્યો. મેં 'ચેહરા' અને 'પપ્પુ કેન્ટ ડાન્સ સાલા' જેવી ફિલ્મો ડિરેક્ટ કરી છે. એટલે કે એક દરવાજો બંધ થઈ જાય તો બીજા શોધવા જોઈએ.

**» તમારા તાજેતરના પ્રોજેક્ટ 'જબ ખુલી કિતાબ' વિશે વધુ વિગતો આપો.**

'જબ ખુલી કિતાબ' મારી ડાયરેક્ટ કરેલી ફિલ્મ છે, જેમાં પંકજ કપૂર અને ડિમ્પલ કપાડિયા મેઈન રોલમાં છે. આ એક મેચ્યોર રોમેન્ટિક કોમેડી-ડ્રામા છે, જેમાં વયસ્ક દંપતીના પ્રેમ, સંબંધો અને જીવનની નવી શરૂઆત વિશે વાત છે. હું માનું છું કે રોમાન્સ માત્ર યુવાનોનું જ નથી - ૫૦-૬૦ વર્ષના લોકો પણ પ્રેમ કરી શકે છે અને નવું જીવન શરૂ કરી શકે છે. ફિલ્મમાં અપાર્શક્તિ ખુરાના, સમીર સોની અને અન્ય કલાકારો છે. આ ફિલ્મ ૬ માર્ચ ૨૦૨૬થી ZEE5 પર સ્ટ્રીમ થઈ છે. આ ફિલ્મમાં મેચ્યોર રિલેશન પર ફોક્સ કર્યું છે, કારણ કે આ વિષય પર ઓછી વાત થાય છે. ●

# શું કિયારા મધુબાલા બનશે કે નહીં?



ટ્રેન્ડીંગ

ફિલ્મ જગતના દિગ્ગજ એક્ટ્રેસમાની એક મધુબાલાની બાયોપિક લાંબા સમયથી પોસપોન થઈ થઈ રહી છે. તેની ઘણી ન્યૂઝ પણ આવતી રહે છે ત્યારે એક ન્યૂઝ અનુસાર કિયારા અડવાણીને મધુબાલાના રોલ માટે કાસ્ટ કરવામાં આવી છે પણ ફિલ્મના પ્રોડ્યુસરે કિયારાના કાસ્ટની ન્યૂઝને જ ખોટી અને અફવા જ જણાવી છે.

સંજય લીલા ભણસાલી અનુસાર કિયારા મધુબાલાનું પાત્ર ભજવશે નહીં.

ભારતીય સિનેમા દ્વારા નિર્મિત સૌથી પ્રતિષ્ઠિત સ્ક્રીન એક્ટ્રેસમાંની એક, મધુબાલા પરની બાયોપિક પર હજુ પણ કામ શરુ જ છે. જોકે, હમણાના એક અહેવાલોમાં દાવો કરવામાં આવ્યો છે કે એક્ટ્રેસ કિયારા અડવાણીને આખરે મેઈન લીડ રોલમાં લેવામાં આવી છે અને સંજય લીલા ભણસાલી નિર્માણ માટે જોડાશે.

શું કિયારા અડવાણી મધુબાલાનું પાત્ર ભજવી રહી છે?

સંજય લીલા ભણસાલી દ્વારા નિર્મિત મધુબાલા બાયોપિકમાં કિયારા અડવાણીને કાસ્ટ કરવામાં આવી રહી હોવાના અહેવાલોમાં કોઈ સત્ય નથી. આ દાવાઓ સંપૂર્ણપણે પાયાવિહોણા અને અનુમાનિત છે, સૂત્રએ સ્પષ્ટતા કરી.

જોકે ફિલ્મ વિશે વધુ વિગતો હાલમાં ગુપ્ત રાખવામાં આવી છે, પરંતુ એવું જાણવા મળ્યું છે કે જસમીત કે. રીન દિગ્દર્શન કરશે. જસમીતએ આલિયા ભટ્ટ, શેફાલી શાહ અને વિજય વર્મા અભિનીત બ્લેક કોમેડી-ડ્રામા ડાર્લિંગ્સથી દિગ્દર્શક તરીકેની શરૂઆત કરી હતી.

કિયારા છેલ્લે YRF સ્પાય યુનિવર્સના ભાગ, વોર 2 માં જોવા મળી હતી. કિયારા ઉપરાંત, આ ફિલ્મમાં ઋતિક રોશન અને જુનિયર NTR મુખ્ય ભૂમિકામાં હતા. કિયારા આગામી ફિલ્મ ટોક્સિક: અ ફેરીટેલ ફોર ગ્રોનઅપ્સમાં યશ, નયનતારા, તારા સુતારિયા, હુમા કુરેશી અને રુક્મિણી વસંત સાથે જોવા મળશે. પણ કિયારાના ફૅન્સ હવે રાહ જોઈ બેઠા છે કે કિયારા ક્યારે મધુબાલાના લૂકમાં જોવા મળે! ●

# રાધિકાના મતે હાલની ઓવર-રેટેડ એક્ટ્રસ કોણ છે?



RAPID FIRE વીથ રાધિકા મદન

'પટાખા'ની ચંપા કુમારીથી ડેબ્યુ કરી અંગ્રેજી મિડિયમ, શિદ્દત, સરફિરા જેવી સુપરહિટ ફિલ્મો આપનાર લાખો દિલોની ધક ધક રાધિકા મદન અનિલ કપૂર સાથે 'સુબેદાર' ફિલ્મ લઇને થિયેટરોમાં આવી રહી છે. ચાલો જોઇએ પરદા પર ધીર-ગંભીર લાગતી રાધિકાની ધીરજ...

- **એક દિવસ માટે એક જ વસ્તુ ખાય શકો તો શું ખાશો?**
  ગોલગપ્પા!
- **બેસ્ટ બોલિવુડ મૂવી?**
  કુછ કુછ હોતા હૈ...
- **ઓફ-ડ્યુટી લુક કેવું રાખો છો?**
  સિમ્પલ કુર્તા-પજામા કે જીન્સ-ટી-શર્ટ
- **હાલમાં ઓવર-રેટેડ એક્ટ્રસ કોણ છે?**
  હું પોતે જ.
- **બેસ્ટ એક્ટર કોણ છે?**
  ઇરફાન ખાન
- **સ્કિનકેરનું સિક્રેટ?**
  મલાઈ + હળદરનું માસ્ક
- **લાઇફ ચેન્જિંગ મોમેન્ટવાળી કોઇ ફિલ્મ પસંદ કરવી હોય તો કઇ?**
  મેરી આશિકી તુમ સે હી
- **કઇ બાયોપિક ફરીથી કરવી છે?**
  ઓશોની મેનેજર શીલાની
- **પહેલું હાર્ટબ્રેક ક્યારે થયું?**
  થર્ડ ગ્રેડમાં!
- **હમણાંનું ફેવરિટ ગીત?**
  A.R. રહેમાનનું કોઈ પણ ગીત...
- **ફેવરિટ લુક કયું છે?**
  સિલ્વર આઉટફિટ્સ.
- **હેલ્ધી ડ્રિંકનું નવું સિક્રેટ?**
  નીંબુ, પુદીના, અદરક, હળદરના આઈસ ક્યુબ્સ
- **બોલિવુડમાં સૌથી મોટી મિથ કઈ છે?**
  '૧૦-૧૨ વર્ષના સ્ટ્રગલ વગર એક્ટિંગ ન આવડે'
- **ઓફ-સ્ક્રીન હોબી?**
  ડાન્સ. ●